પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૮૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૩૦-૧૧-૨૦૨૦ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 83 PRICE :-RS. 1.50 DATE : 30-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અફઘાનિસ્તાનમાં વિસ્ફોટકો ભરેલી કાર સાથે આત્મઘાતી હુમલો, ૨૬ પોલીસ જવાનોના મોત



કાબૂલ,

અફઘાનિસ્તાન ફરી એક વખત આત્મઘાતી હુમલાના પગલે ધ્રુજી ઉઠ્યુ છે.મળતી વિગતો પ્રમાણે અફઘાનિસ્તાનના ગજની પ્રાંતમાં આ હુમલો થયો છે અને તેમાં ઓછમાં ઓછા ૨૬ પોલીસ કર્મીઓ માર્યા ગયા હોવાના અહેવાલો મળી રહ્યા છે.

અફઘાનિસ્તાનના ગજની પ્રાંતમાં રવિવારે સવાલે પબ્લિક પ્રોટેકશન યુનિટના પોલીસ કર્મીઓ પાસે આવીને આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટકો ભરેલી કારને ઉડાવી દીધી હતી.જેના પગલે ચારે તરફ અફરા તફરી મચી ગઈ હતી.મીડિયા રિપોર્ટ પ્રમાણે આ હુમલામાં ૨૬ પોલીસ કર્મીઓના મોત થયા છે અને બીજા ૧૬ જેટલા જવાનો ઘાયલ થયા છે.આ ઘટના બાદ અફઘાનિસ્તાનની સેનાના કમાન્ડોએ સ્થળ પર જઈને મોરચા બંધી કરી હતી.હજી સુધી કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી.

આ સિવાય અફઘાનિસ્તાનના જાબુલ પ્રાંતમાં કાઉન્સિલના પ્રમુખ પર પણ હુમલો કરાયો છે.તેઓ પોતાના સબંધીઓ સાથે ઘરે જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો.જેમાં ત્રણ લોકોના મોત થયા છે.

આ હુમલાઓ પાછળ તાલિબાનનો હાથ હોવાનુ મનાઈ રહ્યુ છે.કારણકે આત્મઘાતી હુમલાખોરો મોકલીને હુમલો કરાવવાની તાલિબાનની સ્ટાઈલ છે.છેલ્લા કેટલાક સમયથી અફઘાનિસ્તાનમાં બોમ્બ ધડાકાની ઘટનાઓ વધી ગઈ છે.૨૪ નવેમ્બરે થયેલા એક હુમલામાં પણ ૧૪ લોકોના મોત થયા હતા અને્ ૪૫ લોકો ઘાયલ થયા હતા.

બે દિવસ પહેલા જ આર્મીએ દસ વિસ્ફોટકોને નિષ્ક્રિય કરીને મોટો હુમલો ટાળ્યો હતો.હુમલા એવી સમયે થઈ રહ્યા છે જ્યારે અમેરિકી સેનાએ અફઘાનિસ્તાનમાંથી પાછા જવાની તૈયારીઓ શરુ કરી દીધી છે.

## રાજ્યમાં હવે રેપિડ-RTPCR નેગેટિવ આવતા થશે સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ



ગાંધીનગર,

ગુજરાતમાં હવે રેપિડ એન્ટિજન તેમજ આરટીપીસીઆર ટેસ્ટ નેગેટિવ આવે તો સ્વાઈન ફ્લૂનો ફરજિયાત ટેસ્ટ કરાવવો પડશે. ગુજરાતમાં બીજા રાઉન્ડમાં કોરના કેસ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. જે જોયા બાદ કેન્દ્રમાંથી આવેલી ટીમે કેટલાક સૂચનો કર્યા છે. જેના અમલરૂપે આરોગ્ય વિભાગ આ નિર્ણય લીધો છે. આ વિશે ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે કે, ગુજરાતમાં હવે રેપિડ નેગેટિવ આવે તો સિમ્ટોમેટિક દર્દીઓને આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. સિમ્ટોમેટિક દર્દીના આરટીપીસીઆર અને રેપિડ બંને નેગેટિવ આવે તો સ્વાઈન ફ્લૂનો ટેસ્ટ કરાવવો પડશે.

આરોગ્ય વિભાગે જાહેર કરેલી સૂચના પ્રમાણે, પોઝિટિવ દર્દીના હાઈરિસ્ક કોન્ટેકમાં હોય તેવા લોકોના પાંચથી સાત દિવસ રેપિડ ટેસ્ટ કરાશે.

જો તેમાંથી કોઈને લક્ષણો હોય તો તાત્કાલિક ટેસ્ટ કરાવવાનો રહેશે. પોઝિટિવ દર્દીના હાઈરિસ્ક કોન્ટેક્ટને પણ હોમ ક્વોરેન્ટાઈન કરીને રોજ મોનિટરિંગ કરવાનુ રહેશે. હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓને દૈનિક ધોરણે પેરા-મેડિકલ સ્ટાફ દ્વારા મોનિટરિંગ કરવાનું રહેશે અને તેમની આરોગ્ય ચકાસણી બાબતનું રજીસ્ટર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએથી નિભાવવાનું રહેશે.તેમજ જો કોરોના પોઝિટિવ દર્દીની સ્થિતિ વણસશે તો તાત્કાલિક હોસ્પિટલ ખસેડવાના રહેશે. ગુજરાત આરોગ્ય વિભાગે આ જાહેરાત કરી છે. પોઝિટિવ દર્દીના સંપર્કમાં હોય તેવા લોકો પર ખાસ ધ્યાન રાખવામાં આવશે. તેમજ દર્દીના સંપર્કમાં રહેનારા લોકોને હોમ ક્વોરેન્ટાઈન પણ કરાશે.

તાજેતરમાં કેન્દ્ર સરકારની ટીમ ગુજરાતમાં આવી હતી. આ મુલાકાત દરમિયાન ટીમે કેટલાક માર્ગદર્શન આપ્યા હતા. આ સૂચના મુજબ રાજ્યના આરોગ્ય વિગે પગલા લેવાની શરૂઆત કરી છે. શિયાળો આવ્યો છે, અને તેમાં જે રીતે સ્વાઈનફ્લૂ ફેલાતો હોય છે તેથી તે વધુ વકરે નહિ તે માટે સૂચના અપાઈ છે. આ સૂચના આરોગ્ય વિભાગના અધિક નિયામક દિનકર રાવલ દ્વારા અપાઈ છે. શિયાળામાં કોરોના વાયરસ વધુ વકરતો હોય છે, તેથી આ સાવચેતી રાખવાની સૂચના આપી છે.

## રાજકોટ અગ્નિકાંડઃ મોકડ્રીલ કરી બધુ બરોબર હોવાનો દાવો કરવા જતા તંત્ર પોતે જ ફસાયુ



ભાવનગર,

લોકોની જિંદગી સાથે ખીલવાડ કરતા હોસ્પિટલના બેદરકાર અને નિર્ભર તંત્રએ ગાંધીનગરથી આદેશ મળતા કોવિડ વોર્ડને બદલે આંખના વોર્ડમાં આગનું છમકલુ ઉભુ કરી, મોકડ્રીલ દ્વારા સબ સલામતની આલબેલ પોકારવાનો પ્રયાસ કર્યો હતો. જો કે મોકડ્રીલ સમયે જ સ્મોક ડીટેકટર બંધ થઈ જતા આ નાટકનો પણ ફિયાસ્કો થયો હતો. સર.ટી.હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા નહી હોવા અંગે સૌરાષ્ટ્ર સમાચારે અહેવાલ આપ્યા બાદ ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવાને બદલે તંત્રના ઢાંક પીછોડાના આ પ્રયાસ એ સરકારી તંત્રની અસંવેદનશીલતા અને નિંભરતા પ્રદર્શીત કરે છે.

હોસ્પિટલના છ માંથી એક પણ બિલ્ડીંગમાં ફાયર સેફ્ટીની સુવિધા પુરતી નથી. રાજકોટ હોસ્પિટલની દુર્ઘટના બાદ શુક્રવારે રાત્રે ગાંધીનગરથી હેલ્થ કમિશનરે ફાયર બ્રિગેડને સાથે રાખી મોકડ્રીલ કરવાનો હુકમ કર્યો હતો. ફાયર સેફ્ટીની સીસ્ટમ બંધ હતી એટલે રાત્રે મોકડ્રીલ ન થઈ શકી રાતો રાત બંધ પડેલી ફાયર હાઈડ્રોન સીસ્ટમ અમુક વિભાગમાં ચાલુ કરવામાં આવી હતી. ફાયર હાઈડ્રોન સીસ્ટમ અમુક વિભાગોમાં શરૂ થઈ છતા કોવીડ વોર્ડમાં કે બીજે મોકડ્રીલ થાય તેમ ન હતી. એટલે આંખના વિભાગમાં આ કાર્યક્રમ કર્યો.

## રાજ્યમાં આગામી ૩ દિવસ ઠંડીમાં વધારો થવાની હવામાન વિભાગે કરી આગાહી

ગાંધીનગર,

ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીની શરૂઆત થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. રાજ્યમાં ત્રણ દિવસ ઠંડીનું પ્રમાણ વધશે તેવું હવામાન વિભાગે કહ્યું છે. ઉત્તર ભારતમાં પડેલી હિમવર્ષાના કારણે ઠંડીનું પ્રમાણ રહેશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. કચ્છના નલિયામાં ઠંડીમાં આગાહી કરી છે. નલિયાનું લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી નોંધાયું છે. જયારે ભુજમાં ૧૩.૮, કંડલામાં ૧૬.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

રાજ્યમાં છેલ્લા કેટલાંક દિવસોથી ફૂંકાઈ રહેલા પવનના પગલે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે અને લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે ત્યારે રાજ્યમાં શિયાળા અંગે હવામાન વિભાગે આગાહી કરી છે. નલિયામાં ઠંડીનો પારો સિંગલ ડિજીટમાં પહોંચ્યો છે. ગુજરાતમાં નલિયા સૌથી વધુ ઠંડુગાર બન્યું છે. નલિયાનું તાપમાન ૮.૮ ડિગ્રીએ પહોંચ્યું છે.

રાજ્યમાં ત્રણ દિવસ ઠંડીનું પ્રમાણ વધશે તેવું હવામાન વિભાગે કહ્યું છે. ઉત્તર ભારતમાં પડેલી હિમવર્ષાના કારણે ઠંડીનું પ્રમાણ રહેશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે હાલ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ઠંડી વધવાને લઈને પણ લોકોએ ખૂબ ધ્યાન રાખવાની જરૂર છે.

### મન કી બાતમાં વડાપ્રધાને ખેડૂતોને સાધવાનો પ્રયાસ કર્યો

## નવા કૃષિ કાયદથી ખેડૂતોની મુશ્કેલીઓનો અંત આવશેઃ મોદી



ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત રેડિયો કાર્યક્રમમાં નવા કૃષિ કાયદા પર વાત કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતમાં કૃષિ અને તેને સંલગ્ન ચીજો સાથે નવો અધ્યાય જોડાઈ રહ્યો છે. વિતેલા દિવસોમાં કૃષિ સુધારાઓએ ખેડૂતો માટે નવી સંભાવનાઓના દરવાજા ખોલ્યા છે. નવી તક પ્રાપ્ત કરાવી છે. વડાપ્રધાને જણઆવ્યું કે વિસ્તૃત વિચાર વિમર્શ બાદ ભારતની સંસદે કૃષિ સંશોધનોને કાયદાનું સ્વરૂપ આપ્યું હતું. આ સંશોધનોથી ફક્ત ખેડૂતોના અનેક બંધનોનો અંત આવ્યો એટલું જ નહીં પરંતુ તેમને અધિકારો પણ પ્રાપ્ત થયા છે અને નવી તક પણ ઉપલબ્ધ થઈ છે. આ અધિકારોથી ટૂંક સમયમાં જ ખેડૂતોની મુશ્કેલીઓમાં ઘટાડો થવા લાગ્યો છે.

મહારાષ્ટ્રના ધુલે જિલ્લાના ખએડૂત જિતેન્દ્ર ભોઈજીને કેવી રીતે નવા કૃષિ કાયદાથી લાભ થયો તેનો ઉલ્લેખ કરતા પીએમએ રેડિયો કાર્યક્રમમાં જણાવ્યું કે, કાયદામાં એક મોટી બાબત એ છે કે આ કાયદામાં એ જોગવાઈ કરવામાં આવી છે કે ક્ષેત્રના એસડીએમને એક મહિનાની અંદર જ ખેડૂતની ફરિયાદનું નિવારણ લાવવું પડશે. હવે આ કાયદાની તાકાત ખેડૂત ભાઈઓ પાસે હોવાથી તેમની સમસ્યાનું સમાધાન જરૂર મળી શકે છે. ખેડૂતે ફરિયાદ કરી અને ગણતરીના દિવસમાં તેનું બાકી વળતર ચૂકવવામાં આવ્યું.

વડાપ્રધાને જણાવ્યું કે કોરોના વાયરસને એક વર્ષ જેટલો સમય થઈ ગયો છે. આ મહામારીને લઈને દેશમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું અને આ સંકટનો સમય કપરો રહ્યો હતો. હવે દેશમાં કોરોનાની રસીની વાતો થઈ રહી છે. જો કે હજુ પણ કોરોનાને લઈને કોઈપણ પ્રકારની બેદરકારી ઘાતક પુરવાર થઈ શકે છે. કોરોના વિરુદ્ધ આપણી લડાઈને મજબૂતી સાથે ચાલુ રાખવાની છે.

મન કી બાત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે દેવી અન્નપૂર્ણાની પ્રતિમા ભારત પરત આવી રહી છે. માતા અન્નપૂર્ણાની પ્રતિમાની જેમ જ આપણો અમૂલ્ય વારસો આંતરાષ્ટ્રીય ગેંગનો ભોગ બનતો રહ્યો છે. આ ગેંગ આંતરાષ્ટ્રીય બજારમાં ઊંચી કિંમતે તેનું વેચાણ કરે છે. હવે તેમના પર લગામ કસવામાં આવશે. આ વારસાને પરત મેળવવા ભારતે પ્રયત્નો વધાર્યા છે. કેનેડા સરકાર સહિત આ પુણ્ય કાર્યને શક્ય બનાવવા માટે તમામ લોકોનો હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છઉં. માતા અન્નપૂર્ણાનો કાશી સાથે વિશેષ સંબંધ છે. હવે તેમની મૂર્તિ પરત આવશે જે દરેક માટે સુખદ બાબત છે.

પીએમએ કહ્યું કે દેશમાં અનેક બર્ડ-વોચિંગ સોસાયટી સક્રિય છે. દેશના લોકોએ પણ આ પ્રવૃતિ સાથે જોડાવું જોઈએ. ગત મહિને મને પણ કેવડિયામાં પક્ષીઓ સાથે સમય પસાર કરવાની તક મળી હતી. પક્ષીઓ સાથે અને પ્રકૃતિ સાથે વિતાવેલો સમય તમને તેની નજીક લઈ જાય છે. તેનાથી તમને પર્યાવરણ માટે વધુ પ્રેરણા મળે છે.

## સુકમામાં નક્સલીઓએ IED વિસ્ફોટ કર્યોઃ આસિસ્ટન્ટ કમાન્ડન્ટ શહીદ



રાયપુર,

છત્તીસગઢના સુકમા જિલ્લામાં નક્સલીઓએ કોબરા ૨૦૬ બટાલિયનના જવાન પર આઈઈડીથી હુમલો કર્યો છે. આ હુમલામાં આસિસ્ટન્ટ કમાન્ડન્ટ નિતિન શહીદ થઈ ગયા છે જ્યારે ૯ સીઆરપીએફ જવાનો ઈજાગ્રસ્ત થવાની જાણકારી મળી છે. આ તમામ જવાન રાતે દસ વાગ્યે લગભગ ઑપરેશનથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તાડમેટલા વિસ્તારના બુર્કાપાલથી છ કિલોમીટર દૂર એક સ્થાન પર જવાન નક્સલીઓના નિશાને પર આવી ગયા.

ઈજાગ્રસ્ત તમામ જવાન કોબરા ૨૦૬ બટાલિયનના છે. સુકમા એસપી કેએલ ધ્રુવે આ હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યુ કે તમામ ઈજાગ્રસ્ત જવાનોને હેલિકોપ્ટરથી રાયપુર લઈ જવાયા છે જ્યારે આસિસ્ટન્ટ કમાન્ડન્ટ નિતિને રસ્તામાં જ અંતિમ શ્વાસ લીધા.

ત્યાં બસ્તર આઈજી સુંદરરાજ પી એ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યુ કે આ મુદ્દે વધારે જાણકારી જંગલમાંથી જવાનોના પાછા ફર્યા બાદ જ મળી શકશે. જવાન બ્લાસ્ટમાં ઈજાગ્રસ્ત થયા છે અથવા સ્પાઈક હોલથી આની પણ જાણકારી લેવામાં આવી રહી છે.

જોકે શનિવારે સેનાની સંયુક્ત પાર્ટી તાડમેટલા વિસ્તારમાં નક્સલીઓ વિરૂદ્ધ સર્ચિંગ ઑપરેશન પર નીકળી હતી. આ દરમિયાન મોડી રાતે નક્સલીઓ દ્વારા લગાવવામાં આવેલા સ્પાઈક હોલમાં ફસાઈને કેટલાક જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા. કેટલાક આઈઈડીની ચપેટમાં આવવાની માહિતી છે. તમામ જવાન કોબરા ૨૦૦ બટાલિયનના છે.

ઈજાગ્રસ્ત જવાનોને રેસ્ક્યુ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નક્સલીઓ હોવાની માહિતી પર બુરકાપાલ, તેમલવાડા અને ચિંતાગુફાથી જોઈન્ટ ઑપરેશન ચલાવવામાં આવ્યુ. મોડી સાંજે તાડમેટલાના જંગલમાં પેટ્રોલિંગ કરતા જવાન આગળ વધી રહ્યા હતા કે આ દરમિયાન જવાન સ્પાઈક હોલ અને આઈઈડીની ચપેટમાં આવી ગયા.

આ વિસ્ફોટમાં ૯ જવાનોના ઈજાગ્રસ્ત હોવાની જાણકારી મળી છે. ઈજાગ્રસ્ત જવાનોના રેસ્ક્યુ માટે વાયુ સેનાના હેલિકૉપ્ટરને રવાના કરવામાં આવ્યુ છે.

## મોદી સરકારે ખેડૂતોની જગ્યાએ અંબાણી-અદાણીની આવક બમણી કરીઃ રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

દિલ્હી સરહદ પર ઉગ્ર આંદોલન કરીને સરકાર સામે મોરચો માંડનારા ખેડૂતોના સમર્થનમાં કોંગ્રેસના નેતાઓ પણ પહેલા જ દિવસથી ઉતરી ચુકેલા છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી નવા કૃષિ કાયદાને લઈને મોદી સરકારને સતત ઘેરી રહ્યા છે.હવે રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા પર કહ્યુ છે કે, મોદી સરકારે ખેડૂતોની આવક બમણી કરવાનો વાયદો કર્યો હતો પણ ખેડૂતોની જગ્યાએ આ સરકારે અંબાણી અને અદાણીની આવક બમણી કરી આપી છે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યુ હતુ કે, જે સરકાર કાળા કૃષિ કાયદાને અત્યાર સુધી યોગ્ય બતાવતી આવી છે તે ખેડૂતોના પક્ષમાં આ સમસ્યાનુ સમાધાન કરશે તેવી આશા રાખવી નકામી છે પણ આ દેશમાં હવે ખેડૂતોની વાત થશે.

રાહુલ ગાંધીએ એવા સમયે નિવેદન આપ્યુ છે જ્યારે દિલ્હીની સિંધુ અને ટિકરી બોર્ડર પર હજારો ખેડૂતો એકઠા થયેલા છે અને સરકાર સામે પ્રદર્શન કરી રહ્યા છે.ખેડૂતોએ દિલ્હીના બુરાડી મેદાનમાં પ્રદર્શન કરવાના સરકારના પ્રસ્તાવને પણ ઠુકરાવી દીધો છે.ખેડૂતોનુ કહેવુ છે કે, જ્યાં સુધી સરકાર નવો કાયદો પાછો ખેંચવા માટે વાયદો નથી કરતી ત્યાં સુધી અમે બોર્ડર પર જ અડિંગો જમાવેલો રાખીશું.

## ખેડૂતો-સરકારની સ્થિતિ ભારત-પાકિસ્તાન જેવી થઈ ગઈ છેઃ અન્ના હઝારે



પૂણે,

મોદી સરકારના નવા કૃષિ બિલ સામે આંદોલને ચઢેલા ખેડૂતોને ટેકો આપવા માટે ગાંધીવાદી સમાજ સેવક અન્ના હજારે પણ મેદાનમાં આવ્યા છે.

ખેડૂતો દિલ્હી બોર્ડર પર ધરણા કરી રહ્યા છે અને સરકાર તરફથી ગૃહ મંત્રી અમિત શાહે મુકેલો વાતચીતનો પ્રસ્તાવ ઠુકરાવી ચુક્યા છે.ખેડૂતોને અન્ના હજારેએ સમર્થન આપ્યુ છે.તેમણે કહ્યુ હતુ કે, ખેડૂતોની માંગણીઓનુ હું સમર્થન કરુ છું.તેમણે કહ્યુ હતુ કે, ખેડૂતો અને સરકારની સ્થિતિ ભારત -પાકિસ્તાન જેવી થઈ ગઈ છે પણ સરકારે ખેડૂતોની સાથે ચૂટંણી ટાણે મત માંગતી વખતે જે રીતે વાત કરે છે તે જ રીતે હવે વાત કરવી જોઈએ. તેમણે કહ્યુ હતુ કે, આજે તો ખેડૂતો અહિંસક આંદોલન કરી રહ્યા છે પણ કાલે ઉઠીને જો ખેડૂતો હિંસા પર ઉતરી આવશે તો તે માટે કોણ જવાબદારી લેશે.ખેડૂતો પાકિસ્તાની નથી.સરકાર તેમની સાથે ચર્ચા કરે.દેશનુ કમનસીબ છે કે ખેડૂતોને આંદોલન કરવુ પડી રહ્યુ છે.ખેડૂતો આપણા દેશના જ છે.ચૂંટણી સમયે તમે તેમની પાસે વોટ માંગવા ગયા હતા તો હવે તેમની સમસ્યાનુ સમાધાન પણ કરો.

અન્ના હજારેએ કહ્યુ હતુ કે, ખેડૂતો પર આકરા શિયાળામાં પાણીનો મારો ચલાવાયો હતો તે પણ યોગ્ય નથી.સરકારે ખેડૂતો સાથે વહેલી તકે બેઠક યોજવી જોઈએ.

નુતન વર્ષાભિનંદન
તાડવા ગ્રામ પંચાયત
: સરપંચ : હજાભાઈ એન. ચારણ
: ડે.સરપંચ : સરદારસિંહ બી. પટેલ
: તલાટી/મંત્રી : સંગીતાબેન પટેલીયા
તથા ગ્રામ પંચાયતના સભ્યો તરફથી
મુ.તાડવા, તા.શહેરા

નુતન વર્ષાભિનંદન
લુણાવાડા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ
લુણાવાડા, જી.મહિસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૧૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોના ના કુલ ૧૬૭૩ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાના ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૧૧-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૬૭૩ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૬ સ્ત્રી, ૦૭ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૪૩૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૮૮૦૨૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૭૫ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૨૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૫૧ દર્દી હોમ આઇસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૩ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૫ દર્દીઓ સ્ટેબલ, ૧૦ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૨ દર્દી વેન્ટીલેટર પર છે.

## કોરોના: મહેસાણામાં હજારોની ભીડે ડીજેના તાલ સાથે કાઢી હતી શોભાયાત્રા, બે ફરિયાદ

મહેસાણા, રાજયની સાથેસાથે મહેસાણા જિલ્લામાં વધી રહેલાં કોરોના વાયરસના કેસ વચ્ચે ચોંકાવનારા દ્રષ્યો સામે આવ્યા હતા. બહુચરાજીના કાલરી ગામે એક ધાર્મિક કાર્યક્રમમાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને ડીજેના તાલે ઝુમતા નજરે પડ્યા હતા. ડીજેના તાલ પર ઝૂમી રહેલા લોકોએ માસ્ક પણ પહેર્યા ન હતા. બે દિવસ પહેલાનો આ વીડિયો ઘણો જ વાયરસ પણ થયો હતો. વધતા સંક્રમણ વચ્ચે આ દ્રશ્યો સામે આવતા વહીવટી તંત્ર મોડે મોડે જાગ્યું હતું.

જેમાં પોલીસે બે વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો છે.બહુચરાજી તાલુકાના કાલરીમાં શુક્રવાર બપોરે મામલતદારની પરવાનગી વગર શોભાયાત્રા કાઢતાં પોલીસે બે સંચાલકો સામે ગુનો નોંધ્યો હતો. કાલરી ગામે શુક્રવારે બપોરે મામલતદારની પરવાનગી વિના માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

જે મામલે બહુચરાજી પોલીસે શોભાયાત્રા કાઢનારા મૂળ કાલરી ગામના અને હાલ અમદાવાદના મણિનગર ખોખરા ખાતે રહેતા દેવીપૂજક નાનુભાઇ વેલાભાઇ તેમજ ડીજે સંચાલક દેવીપૂજક મેહુલકુમાર દશરથભાઇ વિરુદ્ધ પોલીસે જાહેરનામા ભંગ બદલનો ગુનો નોંધાયો છે. ત્યારે બીજી તરફ, ૭ દિવસ બાદ ફરી જિલ્લામાં ૪૦થી વધુ ૪૩ દર્દીઓ નોંધાયા છે. જેમાં મહેસાણામાં ૨૩, વિસનગર-૯, ઊંઝા-૬, વિજાપુર-૩ અને કડીનો ૨ કેસ છે. આરોગ્યની ટીમે શ્વાસની તકલીફ ધરાવતા દર્દીઓને હોસ્પિટલમાં, જયારે સામાન્ય લક્ષણો ધરાવતા દર્દીઓને હોમ આઈસોલેટ કર્યા હતા.

# દાહોદ દેવધાખાનની નજીક પીકઅપ પલ્ટી જતાં દારૂ ભરેલ ગાડીમાં આગ લાગી



દાહોદ, દાહોદ તાલુકાના દેવધા ખાન નદીની નજીક એક દારૂ ભરેલ બોલેરો પીકઅપ ફોર વ્હીલર ગાડી પલ્ટી ખાઈ જતાં જોતજોતામાં આ દારૂ ભરેલ ગાડીમાં આગ લાગી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર ફાઈટરોને થતાં તેઓ પણ ઘટના સ્થળે પહોંચી જઈ આગને કાબુમાં લીધી હતી પરંતુ અહીં ચોંકાવનારી વાત એ જાણવા મળી છે કે, દારૂ ભરેલ આ ગાડી પલ્ટી ખાતાની સાથે જ સ્થાનીકોને આ ઘટનાની જાણ થતાં દારૂની લુંટફાટ કરવા સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જાણવા મળ્યા અનુસાર, આ ગાડીમાં આગ લગાડવામાં આવી હતી. પલ્ટી ખાઈ ગયા બાદ તો ગાડીમાં આગ ન હોતી લાગી પરંતુ સ્થાનીકોમાં એ પણ ચર્ચા થઈ પામી હતી કે, પકડાઈ જવાની બીકે ચાલકે અથવા તો તેના મળતીયાઓ દ્વારા દારૂનો નાશ અને પુરાવાનો નાશ કરવા આ આગને અંજામ આપ્યો હતો.

ગતરોજ મોડી રાત્રીના સમયે વરમખેડા ગામેથી ઠસોઠસ દારૂ ભરેલ બોલેરો ફોર વ્હીલર ગાડી પસાર થઈ રહી હતી. રસ્તામાં અકસ્માતે આ દારૂ ભરેલ ગાડીને અકસ્માત નડતાં રસ્તાની બાજુમાં આ ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. ગાડીમાં દારૂ ભરેલ હોવાના કારણે અને ગાડી પલ્ટી ખાઈ જતાં ગાડીમાં આગ ભભુકી ઉઠી હતી. આગે વિકરાળ રૂપ ધારણ કરતાં ગાડી આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાની જાણ સ્થાનીકોને થતાં તેઓએ નજીકના પોલીસ મથક સાથે સાથે નજીકના ફાયર ફાયટરને પણ જાણ કરી હતી અને પોલીસ તેમજ ફાયર ફાઈટરના જવાનો સ્થળ પર દોડી આવ્યા હતા. ફાયર ફાઈટર દ્વારા પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી. આગને કાબુમાં લીધા બાદ પોલીસે તપાસ હાથ ધરી છે પરંતુ જાણવા મળ્યા અનુસાર, આ ગાડી દારૂ ભરેલ ગાડી પલ્ટી ખાતાની સાથે જ ગાડીમાંથી વિદેશી દારૂના ક્વાટરીયા તેમજ વિયરનો જથ્થો રસ્તા પર તેમજ આજુ બાજુ મોટી માત્રામાં વેરવિખેતર થઈ ગયો હતો અને આ દારૂના જથ્થાને મેળવા આસપાસના લોકોમાં દોડાદોડીનો નજારો પણ જોવા મળ્યો હતો. સાથે જ ત્યાંથી પસાર થતાં વાહન ચાલકો, રાહદારીઓ દ્વારા પણ આ દારૂની બોટલો ઉઠાવવા લાગ્યા હતા જેના હાથમાં જેટલો દારૂ આવ્યો તેટલો લઈને રવાના થતાં હોવાના જાહેરમાં દ્રશ્યો જોવા મળ્યા હતા. સદ્નસીબે આ અકસ્માત અને આગમાં કોઈની જાનહાની થવા પામી ન હતી અને ગાડીમાં સવાર ચાલક પકડાઈ જવાની બીકે નાસી ગયો હતો. નજીકની પોલીસ દ્વારા આ સમગ્ર મામલે તલસ્પર્શી તપાસ હાથ ધરી ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી પ્રમાણે આ દારૂનો જથ્થો મદયપ્રદેશના એક ઠેકા પરથી લાવવામાં આવ્યો હતો અને દાહોદના કોઈ બુટલેગરના ત્યાં ઢાલવવાનો હતો.

## સંજેલી તાલુકાના કરબા ગામે તળાવનું ખાતમૂર્હત કરાયું

સંજેલી, દાહોદ સાંસદ દ્વારા દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કરબા ગામે લોકોની સુખાકારી માટે ૪૬ લાખના ખર્ચ બનનાર તળાવ માટે સાસંદે ખાતમૂર્હત વીધી કરી

દાહોદ જીલ્લા ના સંજેલી તાલુકા ના કરબા ખાતે લોકોની સુખાકારી માટે આજરોજ ૪૬ લાખના ખર્ચ નવિન બનનાર તળાવ માટે ભુમિપૂજન કરી ખાતમૂર્હત વિધી હાથ ધરવામા આવી હતી લોકો ની માંગ પગલે તાલુકા પંચાયત પ્રમુખ શાન્તાબેન જગદીશભાઈ પરમાર દ્વારા આ વિસ્તાર મા નવિન તળાવ બનાવવા માટે હાલના સાસંદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જસવતસિંહ ભાભોર ને રજુઆત કરવામા આવી હતી કેન્દ્રીય મંત્રી ના સમય કાળ દરમિયાન જસવતસિહ ભાભોર ભારત સરકાર ના આદીજાતી મંત્રાલય વિભાગ માથી દાહોદ જીલ્લા મા લોકો ની સુખાકારી માટે ૩૦૦ કરોડ રૂપિયા ફાળવીયા હતા તેમાથી કરબા ગામે તળાવ માટે ૪૬ લાખ ફળવાતા રૂપિયા સેન્સન થઇ ને જીલ્લામા આવતા આજરોજ દાહોદ સાસદ જસવતસિહ ભાભોરે લોકોને સિચાઇ નુ ઘરવપરાશ નુ પાણી મળી રહે તે માટે તળાવ માટે ભુમિ પૂજન ખાતમૂર્હત વિધી કરી હતી આ પ્રસગે ધારાસભ્ય રમેશ કટારા ભાજપ પ્રમુખ શકરભાઇ આમલીચાર ,સહિત સંજેલી તાલુકા ભાજપની ટીમ ઉપસ્થિત રહી હતી.

## દેવગઢ બારિયામાં કોરોના કેસ વધતા રવિવારે બંધ રાખવા કરાયો નિર્ણય

દેવગઢ બારિયા, કોરોના સંક્રમણ વધતાં તંત્ર સફાળું જાગી ગયું છે. ત્યારે હવે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. દાહોદના દેવગઢ બારિયામાં વધતા કોરોનાના કેસને લઈને રવિવારે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દાહોદ કલેક્ટર દ્વારા જિલ્લામાં બંધનું એલાન જાહેર કરાયું છે. જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વેપારીઓ દ્વારા પણ સ્વૈચ્છિક બંધ પાળ્યું છે. મળતી માહિતી અનુસાર દાહોદ કલેક્ટર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. દેવગઢ બારિયામાં વધતા કોરોના કેસને લઈને રવિવારે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દાહોદ કલેક્ટર દ્વારા લેવાયેલા નિર્ણયનો વેપારી દ્વારા સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વેપારીઓ દ્વારા બંધ પાળવામાં આવ્યું હતું. કોરોનાની ચેઈનને તોડવા માટે તમામ વેપારી અને ગ્રામજનોએ એક દિવસનું સ્વયંભૂ બંધ પાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગુજરાતી પ્રજાને કોરોના મહામારીનો અસલ ચહેરો જોવા મળી રહ્યો છે. અમદાવાદ સહિતનાં ચાર શહેરોમાં નાઈટ કરફ્યૂ લાગુ કરવા છતાં પણ રાજયમાં કોરોનાનાં કેસોમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

## વિરપુરની દરગાહના ૯ ટ્રસ્ટીને ગેરલાયક ઠેરવતી ટ્રિબ્યુનલ કોર્ટ

વિરપુર, વિરપુર ૬ વિરપુર તાલુકામાં આવેલી હિન્દુ મુસ્લિમ ની આસ્થા ગણાતી હજરત ખ્વાજા નૂર મહેમુદ દરિયાઈ દુલ્હા દરગાહમાં કેટલાય વર્ષોથી ટ્રસ્ટના આવકને લઈ વિવાદ ચાલી રહ્યો છે. જ્યારે આશરે બે વર્ષ પહેલા વકફ બોર્ડ દ્વારા ટ્રસ્ટીઓની નિમણુંક અને વહીવટ કરવા માટે ૧૩ વહીવટદારો એટલે કે ટ્રસ્ટીઓની નિમણુંક કરી હતી. જ્યારે ૧૩ ટ્રસ્ટીઓ માંથી ૪ ટ્રસ્ટીઓએ વહીવટમાં હિસાબમાં વિરોધ દાશવેલ હતો અને અરજી વકફ બોર્ડ ને મોકલેલ હતી અને વકફ બોર્ડ પાછલા બે વર્ષના હિસાબની માંગણી કરતા ટ્રસ્ટીઓ તેમને હિસાબ આપી શકેલ ન હતા. વકફ બોર્ડ દ્વારા ટ્રીબ્યુનલ કોર્ટ ગાંધીનગર ખાતે કેસ દાખલ કરતા આજ રોજ સુનાવણી થયેલ હોઈ ટ્રીબ્યુનલ કોર્ટ દ્વારા ૧૩ ટ્રસ્ટીઓ માંથી ૯ ટ્રસ્ટીઓ ને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. ગેરલાયક ઠરાવાયેલામાં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ ગાંધીનગર, પીરઝાદા અસ્સક અહેમદ જમાલમિયા, પીરઝાદા તાજુદ્દીન જીયાઉદીન, પીરજાદા અલાઉદિન ચાંદમીયા, પીરઝાદા અલાઉદીન ચાંદમીયા, પીરઝાદા બશીર અહેમદ મહેમુદમિયા, પીરઝાદા જમાલદિન રહિમમીયા, પીરઝાદા મોહંમદશાહીદ અબ્દુલ હમિદ અને પીરઝાદા રીયા જુદીન રજનીયાનો સમાવેશ થાય છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૩૦-૧૧-૨૦૨૦, સોમવાર, નિજ કારતક સુદ-પૂનમ, સૂર્યોદય-૭-૧૦, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૮, આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ રોહિણી

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત-૧૨-૧૪ થી ૧૨-૫૭ સુધી, ૭-૧૧થી ૮-૩૨ અમૃત ચોઘડીયું ૯-૫૩ થી ૧૧-૧૪ શુભ-ચોઘડીયુ, ૧૩-૫૭થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૪૦ સુધી, ૨૨-૫૭થી લાભ-૨૪-૩૬ સુધી<br>- શુભ હોરા-<br>૭-૧૧ થી ૮-૦૫ સુધી, ૮-૫૯થી ૯-૫૩ સુધી, ૧૧-૪૧થી ૧૪-૨૪ સુધી, ૧૫-૧૮થી ૧૬-૧૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૩૦.૧૧.૨૦૨૦ સોમવાર

મેષ (અ.લ.ઈ.) :- મિત્રો સગા સ્નેહીજનો સાથે મિલન મુલાકાત થાય ઉત્સાહ વધવાનો. અચાનક લાભની આશા ફળવાની રોમાન્સમાં સફળતા.

વૃષભ (બ.વ.ઉ.) :- બીઝનેશના પ્રશ્નમાં દિવસ લાભદાયી નીવડે આર્થિક લાભ મલવાનો તબીયત બાત બેદરકારી ન રાખવી. મિલકતથી લાભ.

મિથુન (ક.છ.ઘ.) :- શુભેચ્છકોનો સહયોગ મલવાનો નવા આયોજન બાબત સફળતાવાળો દિવસ રહે. સ્નાયુને લાભ તકલીફોથી જાળવવું.

કર્ક (ડ.હ.) :- મનગમતી વ્યકિતની મુલાકાત થાય ઉત્સાહ વધવાનો ખાણી પીણીથી જળવવું કિંમતી ચીજ વસ્તુની ખરીદી થાય.

સિંહ (મ.ટ.) :- ખુશામત ખોરોથી જાળવજો. મિલ્કતના પ્રશ્નોથી લાભ વધુ પડતો કાર્યભાર ટાળજો વિદેશથી સારો લાભ મલવાનો.

કન્યા (પ.ઠ.ણ.) :- કારણ વગરના વિચારોથી દૂર રહેજો સ્વજનો સાથે વિચાર વિર્મશ કરો -નકારાત્મક વિચારો દૂર રહેજો. પ્રવાસથી લાભ.

તુલા (ર.ત.) :- મનની ઈચ્છાઓ ફળવાની છે નોકરીમાં કોઈ સારો લાભ રહે. પિતાશ્રી સાથે દલીલ લાભથી દૂર રહેવું.

વૃશ્ચિક (ન.ય.) :- ખર્ચ ઉપર લગાવ રાખવી જરૂરી રહે. નવી ઓળખાણથી લાભ, નોકરીમાં સ્થિરતા રાખવી જરૂરી રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક સાહસો માટે કોઈ ઉતાવળ ન કરવી મુલાકાત સફળ થાય. બીજા ઉપર વધુ વિશ્વાસ ન રાખવો.

મકર (ખ.જ.) :- અગત્યની કામગીરી આગળ વધવાની છે. વધુ પડતા અધીરા ન થતા વીજાતીય વ્યકિતથી લાભ રહેવાની.

કુંભ (ગ.શ.સ.) :- મિત્ર વર્તુળમાં વધારો થવાનો છે કુનેહ પૂર્વક નિર્ણયો લેજો સાંજ પછી કોઈ સારો લાભ રહે.

મીન (દ.ચ.ઝ.) :- મહત્વના કાર્યોમાં સફળતા રહે. આવક વૃધ્ધિ થાય પરિવારમાં ઉત્સાહ રહે. માંગલીક પ્રસંગો સફળ થાય.

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....

કૃષ્ણરાજસિંહ મહેશભાઇ ભુરીયા
ચેરમેન-બાંધકામ સમિતિ, જીલ્લા પંચાયત, દાહોદ
કાર્યપાલક ઈજનેર-પંચાયત
(મા.મ.) વિભાગ, જીલ્લા પંચાયત, દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
ઝાલોદ ઘટક-૧
જી.દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
ઝાલોદ ઘટક-૨
જી.દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
ઝાલોદ ઘટક-૩
જી.દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
સંજેલી ઘટક-૧
જી.દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
સંજેલી ઘટક-૨
જી.દાહોદ

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ....
સંકલીત બાળ વિકાસ યોજના
- સ્વાસ્થય બની રહે માસ્ક પહેરજો.
- સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરજો.
સાવચેતી સાથે નવા વર્ષની શાનદાર ઉજવણી કરીએ.
સંજેલી ઘટક-૩
જી.દાહોદ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાતે મેળવ્યું દેશમાં સૌથી વધુ વિદેશી રોકાણ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

**એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ગુજરાતે રૂ.૧.૧૯ લાખ કરોડનું વિદેશી રોકાણ હાંસલ કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ રોકાણના ૫૩% છે. કોવિડ-૧૯ના કપરા કાળમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહ્યું છે અને તેણે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સિંહ ફાળો આપ્યો છે.**

## ગુજરાતમાં રોકાણ

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાતના વિદેશી રોકાણમાં ૨૪૦%નો જંગી વધારો થયો છે, જે ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ છે.

એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ ના DPIIT દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ વિદેશી રોકાણનો ૫૩% હિસ્સો છે.

એન્યુઅલ સર્વે ઑફ ઇન્ડસ્ટ્રીઝ (ASI) અનુસાર, ઔદ્યોગિક ઉત્પાદનની દ્રષ્ટિએ ગુજરાત ભારતના ઉત્પાદનમાં ૧૭.૫% હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો ૨૩% થી વધુ ફાળો છે અને ગુજરાતના બંદરો ભારતના કુલ ૪૦% કાર્ગોનું વ્યવસ્થાપન કરે છે.

આંકડાઓની દ્રષ્ટિએ IEM ફાઈલ કરવામાં અને ૨૦૧૯માં નોંધાયેલા વાસ્તવિક રોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.

DPIITના આંકડાઓ પ્રમાણે ભારતમાં મૂલ્યના સંદર્ભમાં IEM ફાઈલ કરવામાં અને વર્ષ ૨૦૧૯માં ૪૯ બિલીયન યુએસ ડોલરના પ્રસ્તાવિત રોકાણ સાથે ગુજરાતે ૫૧% હિસ્સો (ભારતમાં સૌ પ્રથમ સ્થાન) હાંસલ કરેલ છે.

જ્યાં ભારતમાં વર્ષ ૨૦૧૯માં પ્રસ્તાવિત રોકાણો (IEMs) માં ૪૮%નો વધારો નોંધાયો, ત્યાં ગુજરાતમાં પાછલા વર્ષ કરતાં ૩૩૩%ની વૃદ્ધિ નોંધાઈ છે.


ગુજરાતમાં વર્તમાન સમયમાં લગભગ ૧૦૦ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ છે.

## ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ની મુખ્ય વિશેષતાઓ

- વૃદ્ધિ લાભ સાથે ૧૫ મુખ્ય ક્ષેત્રો
- રાજ્યમાં મૂડી રોકાણો પર આધારિત ઈન્સેન્ટિવ્સ; SGST થી ઈન્સેન્ટિવ્સને અલગ કરતું સૌ પ્રથમ રાજ્ય
- નિશ્ચિત મૂડી રોકાણના ૧૨% સુધી મૂડી સબસિડી
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને મૂડી અને વ્યાજ સબસિડી
- ખાનગી કંપનીઓ દ્વારા સંશોધન અને વિકાસ કેન્દ્રો સ્થાપવા માટે ઈન્સેન્ટિવ્સ
- અન્ય દેશોમાંથી સ્થળાંતર થતા ઉદ્યોગો માટે ઈન્સેન્ટિવ્સ
- લાંબા ગાળા માટે લીઝ પર સરકારી જમીન
- સિંગલ પોઈન્ટ સંપર્ક તરીકે સમર્પિત રિલેશનશિપ મેનેજર્સ
- મેગા ઓનલાઈન પરમિશન અને કેન્દ્રીય નિરીક્ષણ એજન્સી

**"આવા સમયમાં સર્વાધિક વિદેશી રોકાણ એ ગુજરાતની વ્યાપાર માટે મૈત્રીપૂર્ણ નીતિઓનું સાચું પ્રતિબિંબ છે."**

**શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**




Rs. in Crore

### ગ્રામ પંચાયતોને ડિજીટલ સજ્જ કરવા વચ્ચે

# પંચમહાલની ૭૪ ગ્રામ પંચાયતના મકાનો જર્જરીત

- કુલ ૪૯૨ પંચાયતો પૈકી ૭૪ જોખમી મકાનો.
- જોખમી મકાનોમાં ફરજ બજાવતા તલાટી, સરપંચોમાં ભય.
- જોખમી મકાનોમાં કામ અર્થે આવતા અરજદારો પણ ભયભીત.
- જર્જરતી મકાનોને અન્યત્ર કામગીરી સ્થળાંતરીત કરવાની ફરજ.
- કામ ન કરવાના બદલે અરજદારોને મુશ્કેલી અને રઝળપાટ.
- ડીજીટલ સેવા આપવાને બદલે પાયાની સુવિધા પુરી પાડવામાં ઉદાસીનતા.
- વહેલી તકે ૭૪ ગ્રામ પંચાયતોને મકાનોને નવીનીકરણ માંગ.
- સૌથી વધુ ગોધરા તાલુકામાં ૨૯ ગ્રામ પંચાયતો મકાનો જર્જરીત.

ગોધરા,

ગ્રામ પંચાયતોને ડિજિટલ સેવાથી સજ્જ કરવાના દાવા વચ્ચે પંચમહાલ જિલ્લામાં ૭૪ ગ્રામ પંચાયત ઘર જર્જરિત અને જોખમી હાલત માં જોવા મળી રહ્યા છે. સરપંચો દ્વારા ઉચ્ચસ્તરીય રજુઆત બાદપણ સ્થતિ ઠેર ની ઠેર જોવા મળી રહી છે. જેને લઈને અરજદારો પણ પોતાના સરકારી કામકાજ અર્થે



આવવાનું ટાળીને ભયની લાગણી અનુભવી રહયા છે. જેથી વહેલી તકે મકાનો નવા બનાવવાની માંગ ઘણા સમયથી કરાઈ રહી છે.

રાજયની ગ્રામ પંચાયતોને ડિજિટલ સેવા સાથે જોડવાની સરકાર દ્વારા મહત્વ ની જાહેરાત કારવામાં આવી છે. તો બીજી તરફ પંચમહાલ જિલ્લામાં ૭૪ ગ્રામ પંચાયત ઘર જર્જરિત હાલત માં જોવા મળી રહ્યા છે કેટલાક ગ્રામ પંચાયત ઘર એટલી હદે જર્જરિત અને જોખમી હાલત માં છે કે ત્યાંની વહીવટી કામગીરી અન્ય સ્થળે ખસેડવાની ફરજ પડી છે. જિલ્લાની ૭૪ માની સૌથી વધુ ગોધરા તાલુકાની ૨૯ ગ્રામપંચાયત જર્જરિત હાલતમાં છે. જેમાંની ધોળી ગ્રામ પંચાયત જયાં છેલ્લા એક વર્ષ થી પંચાયતનું વહીવટી કામ કાજ આરોગ્ય વિભાગ ના સબ સેન્ટરમાં કારવામાં આવી રહ્યું છે. અહીંયા કામ અર્થે આવતા ગામના અરજદારોને કોરોના સક્ર્મણ નો ભય સતાવી રહ્યો છે. જયારે હમીરપુર ગ્રામપંચાયત ગામમાં આવેલ સમાજ ઘરમાં ખસેડવામાં આવ્યું છે. જર્જરીત ગ્રામ પંચાયતોના નવીનીકરન માટે જે તે ગામના સરપંચો દ્વારા છેલ્લા બે વર્ષ ઉપરાંત થી જિલ્લા કક્ષાએ રજુઆત કારવામાં છે, તેમ છતાં રજુઆત ધ્યાને લેવામાં આવી ન આવતી હોવાનું સરપંચ જણાવી રહ્યા છે. આ તરફ જર્જરિત મકાન નું કારણ આગળ ધરી કેટલીક પંચાયતોમાં તલાટી કમ મંત્રી મહિનાઓ સુધી દેખા દેતા નથી. જેના કારણે ગ્રામ્ય વિસ્તારના લોકોને મહત્વના દસ્તાવેજી કામગીરી માટે રઝળવાનો વારો આવે છે. રાજયભરનાના ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવા બહાલ કરવાના સરકારના દાવાઓ વચ્ચે પંચમહાલ જિલ્લાના ૭૪ પંચાયત ઘર બેહાલ નજરે પડી રહ્યા છે. ત્યારે આ મામલે સરકાર અને પ્રશાસને ગંભીરતા દાખવી જિલ્લાની તમામ જર્જરિત ૭૪ ગ્રામપંચાયત ઘર નવીન બાંધવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે તેવી માંગ સરપંચો દ્વરા ઉઠવા પામી છે.

## મંજુરી મળતા નવિન બાંધકામ હાથ ધરાશે

નાયબ જિલ્લા વિકાસ અધિકારીના જણાવ્યા અનુસાર જિલ્લાના ૭ તાલુકામાં કુલ ૪૯૨ ગ્રામપંચાયતો કાર્યરત છે. જે ૭ તાલુકાઓ માંથી અલગ અલગ ૭૪ જેટલી જર્જરિત પંચાયત મકાન ના નવીન બાંધવા માટેની દરખાસ્ત આવેલ છે જે તમામ દરખાસ્ત ઉપલી કક્ષાએ મોકલવામાં આવી છે અને મંજૂરી મળે થી જર્જરિત તમામ ગ્રામ પંચાયત ઘર ટૂંક સમયમાં નવીન બાંધવા માટેની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## મરામતની સત્તા પંચાયત પાસે છતાં કેમ પીછે હઠ

પંચમહાલ જીલ્લાની અંદાજીત ૭૪ ગ્રામ પંચાયતોના મકાનો જર્જરીત હાલતમાં ભાસે છે. જીવના જોખમી તલાટી, સરપંચો, અરજદારો ભયજનક હાલતમાં પંચાયતની કામગીરી કરી રહ્યા છે. આ જોખમી મકાનની મરામતની સત્તા ગ્રામ પંચાયત પાસે છે. તેઓ સ્વભંડોળ તથા અન્ય યોજના માંથી ખર્ચ કરી શકે છે. ગ્રામ પંચાયત સ્તરે મરામતની સત્તા હાવા છતાં નવા મકાનની જીદ કરવાને લીધે અને પોતાની પાસે મરામતની સતા હોવા છતાં પંચાયતની બોડી દ્વારા ભારે ઉદાસીતનતા દાખવી રહી છે. ત્યારે આ માટે કોણ જવાબદાર તેવા પ્રશ્નાથો ઉઠયા છે.

## મરામત કે નવિનીકરણ અંગેની દરખાસ્ત માટે ઉદાસીનતા

ગ્રામ વિસ્તારની મીની સચિવાલય ગણાતી ગ્રામ પંચાયતો જર્જરીત હાલતમાં હોવાને લઈને ગભરાટ વ્યાપો છે. કુલ ૪૯૨ પૈકી ૭ તાલુકાની ૭૪ જેટલી પંચાયતો જર્જરતી હાલતના કારણે જીવના જોખમે તલાટીઓ તથા સરપંચો ફરજ બજાવી રહ્યા છે. અવારનવાર સરકાર દ્વારા નવિનીકરણ કે મરામત માટેની દરખાસ્ત મંગાવવામાં આવે છે. પરંતુ ગ્રામ પંચાયતો દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યા છે. જો જર્જરીત હોય તો પંચાયત શાખામાં બાંધકામ શાખામાં બાંધકામ અંગેનો એસ્ટીમેન્ટ કરી શકે ની સત્તા છે. પરંતુ ગ્રામ પંચાયતો મંગાવવામાં આવતી દરખાસ્તો અંગે જાગૃત ન રહીને ઉંઘતી રહીને હાલમાં જર્જરીત હાલમાં ભાસી રહી છે. આ માટે પંચાયત કે સરકાર જવાબદાર ?

## તલાટી ઘરનો પણ અભાવ

ગ્રામ પંચાયત ઘરની જર્જરીત હાલત કાંતો અન્ય સ્થળો પર વહીવટ કચેરી ખસેડવાનો વારો આવેલો છે. તેવા સમયે તલાટી ઘરના અસ્તીત્વ અંગે પણ અનેક સવાલો સર્જાયા છે. પંચાયતી રાજમાં પાયાની સુવિધારૂપ ગ્રામ પંચાયતમાં આધાર સ્તંભ ગણાતા ગ્રામ પંચાયત સચિવ એટલે તલાટીને ૨૪ કલાક ગામમાં હાજર રહે અને લોકોના કામો થાય તે માટે પંચાયતની પાસે તલાટી ઘર આપવાની જોગવાઈ છે. આ ઘર એટલે કે કવાર્ટસ હોવાના કારણે ૨૪ કલાક હાજર રહેવાનો નિયમ છે. અને વર્ષો પહેલા તલાટી ઘર નિર્માણ કરવામાં આવેલા હતા. પરંતુ આજની સ્થિતીમાં એક પણ ગામમાં તલાટી ઘર અસ્તિત્વ ધરાવતા નથી. તેની જગ્યાએ અન્ય બાંધકામ થયેલા છે. અને તેઓની ગેરહાજરી વચ્ચે દુરદુરથી અબડાઉન કરવામાં આવી રહયું છે. અને અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.

# સરકારી એન્જિનિરીંગ કોલેજ,ગોધરા દ્વારા વિદ્યાર્થીઓના Skill Developement માટે ઓનલાઈન કાર્યક્રમો

ગોધરા,

Engineering ના વિદ્યાર્થી ઓ માટે ટેક્નિકલ નોલેજ ની સાથે વિવિધ પ્રોફેશનલ સ્કિલસ/સોફ્ટ સ્કિલ્સ ની પણ જરૂરિયાત હોય છે.

આવા જ એક પ્રયત્ન ના ભાગરૂપે સરકારી એન્જિનિરીંગ કોલેજ, ગોધરા દ્વારા સંસ્થા ના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ તેમજ મિકેનિકલ ઈજનેરી વિભાગ ના વડા પ્રો. એ. કે. પટેલ સાહેબ ના માર્ગદર્શન હેઠળ પ્રો. હાર્દિક શુકલ/પ્રો. વિપુલ ભટ્ટ અને મિકેનિકલ ઈજનેરી વિદ્યાશાખા ના અન્ય અધ્યપકો ના સહયોગ થી, વડોદરા ના ખ્યાતનામ International Speaker રોહિત ભાઈ દવે નું ઓનલાઈન સેશન "No Body is Unlucky " વિષય પર યોજવામાં આવ્યું હતું. જેમાં તેમણે વિદ્યાર્થી ઓ ને અધ્યાપકો ને knowledge, Habits, skills and Attitude જેવા વિષયો પર ખુબ જ ભાર આપી Scientific રીતે સમજવ્યું હતું કે કોઈ, Unlucky નથી હોતું. માત્ર આ ચાર પરિબળો ને કંટ્રોલ કરવાનાં હોય છે. વિદ્યાર્થી ઓ ના અલગ અલગ પ્રશ્નો ના પણ તેમણે સરસ ઉત્તર આપ્યા હતા. વિદ્યાર્થી ઓ પણ આ ઓનલાઈન સેશન ખુબ જ પ્રેરણાદાયક હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત એન્જિનિરીંગ ના વિદ્યાર્થી ઓ માટે ખુબ જ મહત્વ ની એવી GATE Exam ની વિદ્યાર્થી ઓ ને મોક પ્રેકટીસ થાય તે માટે મિકેનિકલ ઈજનેરી વિભાગ ના વિદ્યાર્થી ઓ માટે Online Mock Gate Test નું આયોજન ભૂતપૂર્વ GATE સ્કોલર, પૂજન દાવડા, અને એકેડમી અને સરકારી ઈજનેરી કોલેજ ગોધરા ના સંયુક્ત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યું હતું. જેનાથી વિદ્યાર્થી ઓ ને ખુબ જ સારી ઓનલાઈન પ્રેક્ટિસ મળી હતી. આ ઓનલાઈન પરીક્ષા બાદ વિદ્યાર્થી ઓ ને તેનું સોલ્યૂશન અને Exam Score પણ આપવા માં આવ્યો હતો. તેમજ પ્રથમ ત્રણ વિદ્યાર્થી ઓ ને Scholarship પણ ઓફર કરવામાં આવી હતી. વિદ્યાર્થી ઓ એ પણ આ પ્રકારે સ્પર્ધાત્મક પરીક્ષા ના આયોજન ને ખુબ આવકાર્યું હતું. બંને કાર્યક્રમ માં અંદાજે ૭૦ જેટલાં વિદ્યાર્થી ઓ એ અને ૮ અધ્યાપકો એ ભાગ લીધો હતો.

સંસ્થા ના ઇન્ચાર્જ આચાર્ય પ્રો.એ. કે. પટેલ સાહેબે જણાવ્યું હતું કે મોટેભાગે ગોધરા/પંચમહાલ વિસ્તાર ના અમારા વિદ્યાર્થી ઓ માટે આ પ્રકાર નું આયોજન વિદ્યાર્થીઓમાં સ્પર્ધાત્મકવાતાવરણ તેમજ સ્કિલ ડેવલોપમેન્ટમાં વધારો કરનારૂ બની રહેશે. જેનો ચોક્કસ લાભ તેમની રોજગારી ની તકો વધારવામાં તેમજ ઉચ્ચ અભ્યાસ માં થશે. આ પ્રકાર ના ઓનલાઈન કાર્યક્રમનું નિયમિત આયોજન થતું હોય છે.

# ગોધરા મુસ્લિમ સમાજનું ગૌરવ

ગોધરા,

“સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય” આ ઉક્તિને સાર્થક કરી છે ગોધરાની ધી ઇકબાલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની બીનીસ તસ્લિમ જુજારાએ.

ગુજરાત રાજયના સ્થાપનાદિન નિમિત્તે ગુજરાતની તમામ શાળાઓમાં કોરોના વોરિયર્સને સમર્પિત કરવા તેમજ તેઓનો ઉત્સાહ વધારવા નિબંધ સ્પર્ધા, કાવ્ય સ્પર્ધા તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

આ તમામ સ્પર્ધાઓમાં કુલ મળીને ઈકબાલ પ્રાથમિક શાળાની ૧૦ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો. નિબંધ સ્પર્ધામાં ઈકબાલ પ્રાથમિક શાળામાં ધોરણ ૬.ક માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બીનીસ તસ્લિમ જુજારાએ સમગ્ર પંચમહાલ જિલ્લામાં બીજો (દ્વિતીય) ક્રમ પ્રાપ્ત કરી શાળા, મુસ્લિમ સમાજ, ગોધરા શહેર તેમજ પંચમહાલ જિલ્લાનું ગૌરવ વધારેલ છે.શાળા પરિવાર બીનીસને તેમજ તેના પરિવારને આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવે છે.વધુમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ તરફથી બીનીસ તસ્લિમ ઝુઝારાને પંચમહાલ બી.આર.સી.કો-ઓર્ડીનેટર જીગ્નેશ. પટેલ સા., ડાયટ પંચમહાલ સિનિયર લેકચરર બી.એમ.સોલંકી સા.,સમગ્ર શિક્ષા કચેરી પંચમહાલ ગર્લ્સ જેન્ડર કો-ઓર્ડીનેટર અંજનાબેન પટેલ મેડમ,સી.આર.સી. કો-ઓર્ડીનેટર વિજયભાઈ પટેલની હાજરીમાં રૂ.૧૧,૦૦૦/- નો ચેક આજે અર્પણ કરવામાં આવેલ હતો.

# ગોધરા-દાહોદ વચ્ચે રતલામ ડિવીઝન રેલ લાઈનનું મેન્ટેનન્સ હાથ ધર્યુ

ગોધરા,

ગોધરા અને દાહોદ જીલ્લાને જોડતી રેલ લાઈનને લાંબો સમય બાદ મેન્ટેનન્સ હાથ ધરવામાં આવી હતી. સુરક્ષા તથા સમયસર રેલ વ્યવહારને આવનજાવન સુગમતા રહે તેની તકેદારી રાખવામાં આવી હતી.



ગોધરાના બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતો પુલ પાસેથી રતલામ રેલ ડિવીઝનની હદ શરૂ થાય છે. તેની બીજી તરફ વડોદરા રેલ વિભાગની રેલ લાઈનની સુરક્ષાના ભાગરૂપ મેન્ટેન્સ હાથ ધરવામાં આવે છે. ત્યારે લાંબા સમય બાદ રેલ વિભાગને સમયની ફુરસદ ન હોવાને લીધે મેન્ટેન્સ હાથ ધરવામાં વિલંબ થઈ રહયો હતો. આ મેન્ટેન્સ વિલંબને લઈને રેલ વ્યવહારને પણ અસર થવા પામી રહી છે. રેલ વિભાગના નિયમ પ્રમાણે સમય મર્યાદામાં મેન્ટેન્સ કરવાનું હોય છે. રેલ વિભાગ પાસે પૂરતું સ્ટાફ તથા યંત્ર સામગ્રી સર્જાયો હતો. ત્યારે એકાએક રેલ વિભાગ હસ્તકના રતલામ ડિવીઝન સમગ્ર લાઈન ઉપર મેન્ટેન્સ હાથ ધરવામાં મેન્ટેન્સ હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષા અને સમયસર મેન્ટેન્સ હાથ ધરવામાં આવ્યું હતું. ગોધરા થી લઈને દાહોદ સુધી પસાર થતી રેલ લાઈન ઉપર દિવસ દરમ્યાન રેલ કર્મીઓ હાથ મેન્ટેન્સ હાથ ધરવામાં આવતા આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

# ગોધરામાં VHP રાષ્ટ્રીય પ્રવક્તાની ઉપસ્થિતિમાં સામાજીક સમરસતા ગોષ્ઠી વાર્તાલાપ યોજાયો





તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા શહેરમાં આજે વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય પ્રવકતાની ઉપસ્થિતીમાં અને ઉપક્રમે સામાજિક સમરસતા ગોષ્ઠી વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો,જેમાં શહેરના વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ગોધરા શહેરના લુણાવાડા રોડ પર આવેલ રાજાઈ સ્કવેર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સામાજિક સમરસતા ગોષ્ઠી વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, હાલના સમયમાં ખાસ સરકારની કોરોના ગાઈડલાઈન્સનું પાલન થાય તેનું ખાસ દયાન રાખવામાં આવ્યું હતું, જેમાં ગોધરા શહેરના વિવિધ સમાજના આગેવાનો અને કાર્યકરોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સમરસતા ગોષ્ઠિમાં વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય પ્રવકતા દેવજીભાઈ રાવત ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમ નો મુખ્ય ઉદ્દેશ એ હતો કે હિન્દુ સમાજમાં ઉદભવેલી વિષમતા દૂર કરીને બંધુત્વનો ભાવ જાગૃતિ કરી સમરસ સમાજનું નિર્માણ કરવું, જે સંદર્ભે સમરસ સમાજ સમર્થ સમાજના વિષય પર સમરસતા સંગોષ્ઠિ બૌદ્ધિક વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ સમાજના આગેવાનો સાથે સમાજોમાં રહેલી વિષમતા કેવી રીતે દૂર કરી શકાય, અને સમરસતા કેવી રીતે લાવી શકાય જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી, આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ તેમજ વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.





સામાજિક સમરસતા VHP ના ઓયોજકો દ્વારા આજ રોજ રાજાઈ સ્કેવર હોલમાં રાજવી શાહ નું સન્માન કરવામાં આવ્યું.

# ગરબાડાના વજેલાવ ગામે લગ્ન ના ઈરાદે સગીરાને ભગાડી જતાં ફરિયાદ

ગરબાડા,

ગરબાડા તાલુકાના વજેલાવ ગામેથી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

વજેલાવ ગામે હોળી ફળિયામાં રહેતો અનેશભાઈ હિમાભાઈ ડામોર દ્વારા ગત તા.૧૪મી નવેમ્બરના રોજ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, પટાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 83